ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

મંડળ દ્વારા વિવિધ તાંત્રિક સંવર્ગોની સીધી ભરતી માટેની પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાત ક્રમાંકઃ **(1)** ૧૪૭/૨૦૧૮૧૯- આસીસ્ટન્ટ કયુરેટર, **(2)** ૧૭૧/૨૦૧૮૧૯- સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (ઇન્ફોર્મેશન ટેકનોલોજી ગ્રુપ), **(3)** ૧૭૩/૨૦૧૮૧૯- સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (સીવીલ કન્સ્ટ્રકશન એન્ડ ઇન્ફ્રાસ્ટ્રકચર ગ્રુપ), **(4)** ૧૭૫/૨૦૧૮૧૯- સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (કેમિકલ ગ્રુપ), **(5)** ૧૭૬/૨૦૧૮૧૯ સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (પ્લાસ્ટીક ગ્રુપ) **(6)** ૧૭૮/૨૦૧૮૧૯ સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (બ્યુટી કલ્ચર એન્ડ હેર ડ્રેસીસ ગ્રુપ) **(7)** ૧૭૯/૨૦૧૮૧૯ - સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (ગારમેન્ટસ ગ્રુપ), વર્ગ-૩ સંવર્ગોની પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત કસોટી જુલાઇ - ૨૦૧૯ માં જુદી જુદી તારીખોએ યોજવામાં આવેલ હતી. ઉકત સ્પર્ધાત્મક લેખિત કસોટીને અંતે જે તે સંવર્ગમાં ભરવાની થતી જગ્યાઓના ત્રણ ગણા ઉમેદવારો (૪૦ % લઘુત્તમ લાયકી ગુણની મર્યાદામાં ઉપલબ્ધ ઉમેદવારો) ને બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ માટે લાયક (કવોલીફાય) ગણવામાં આવેલ છે. તેવા ઉમેદવારોની સંવર્ગ-જાહેરાતવાર યાદી નીચે આપેલ લીન્ક ફાઇલ પર મૂકવામાં આવેલ છે. જે સંબંધિત ઉમેદવારોને જોઇ લેવા માટે આથી જણાવવામાં આવે છે.

૧. જા.ક્ર. ૧૪૭/૨૦૧૮૧૯, આસીસ્ટન્ટ કયુરેટર (અહીં ક્લિક કરો)
૨. જા.ક્ર. ૧૭૧/૨૦૧૮૧૯, સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (ઇન્ફોરમેશન ટેકનોલોજી ગ્રુપ) (અહીં ક્લિક કરો)
૩. જા.ક્ર. ૧૭૩/૨૦૧૮૧૯, સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (સીવીલ કન્સ્ટ્રકશન એન્ડ ઇન્ફ્રાસ્ટ્રકચર ગ્રુપ) (અહીં ક્લિક કરો)
૪. જા.ક્ર. ૧૭૫/૨૦૧૮૧૯, સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (કેમિકલ ગ્રુપ) (અહીં ક્લિક કરો)
૫. જા.ક્ર. ૧૭૬/૨૦૧૮૧૯, સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (પ્લાસ્ટીક ગ્રુપ) (અહીં ક્લિક કરો)
૬. જા.ક્ર. ૧૭૮/૨૦૧૮૧૯, સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (બ્યુટી કલ્ચર એન્ડ હેર ડ્રેસીસ ગ્રુપ) (અહીં ક્લિક કરો)
૭. જા.ક્ર. ૧૭૯/૨૦૧૮૧૯, સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (ગારમેન્ટસ ગ્રુપ) (અહીં ક્લિક કરો)

(૧) ઉકત સંવર્ગોની બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ આગામી નવેમ્બર- ૨૦૧૯ માં તા. ૨૧/૧૧/૨૦૧૯ થી તા. ૨૩/૧૧/૨૦૧૯ દરમ્યાન યોજવાનો મંડળ દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. જેનો જાહેરાત - સંવર્ગવાર વિગતવાર કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે.

(૨) કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી પરીક્ષાનું સ્થળ અને સમય તથા કોલ લેટર ડાઉનલોડ કરવા માટેનો વિગતવાર કાર્યક્રમ પરીક્ષાની તારીખના ૧૦ દિવસ પહેલાં મંડળની વેબસાઇટ https://gsssb.gujarat.gov.in પર મુકવામાં આવશે. જેની સંબંધિત દરેક ઉમેદવારોએ જરૂરી નોંધ લેવા તેમજ મંડળની વેબસાઇટ જોતા રહેવા આથી જણાવવામાં આવે છે.

(૧) કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટનો અભ્યાસક્રમ અને ગુણભાર

(અ) જા.ક્ર. ૧૭૮/૨૦૧૮૧૯ માટે

		સમય - ૧-૦૦ કલાક
પ્રશ્ન ક્રમાંક	વિષયનું વિવરણ	ગુણ
૧	એકસેલ સ્પ્રેડશીટ	૧૦ ગુણ
૨	ઈ-મેઇલ કરવા (વીથ ફાઇલ એટેચમેન્ટ)	૧૦ ગુણ
૩	પાવર પોઇન્ટ	૧૦ ગુણ
૪	વર્ડ ટાઇપીંગ/ વર્ડ ફોર્મેટીંગ (અંગ્રેજી તથા ગુજરાતી)	૨૦ ગુણ
	કુલ ગુણ	૫૦ ગુણ

(બ) જા.ક્ર. ૧૪૭/૨૦૧૮૧૯, ૧૭૧/૨૦૧૮૧૯, ૧૭૩/૨૦૧૮૧૯, ૧૭૫/૨૦૧૮૧૯, ૧૭૬/૨૦૧૮૧૯, ૧૭૮/૨૦૧૮૧૯, અને ૧૭૯/૨૦૧૮૧૯ માટે

		સમય - ૧-૧૫ કલાક
પ્રશ્ન ક્રમાંક	વિષયનું વિવરણ	ગુણ
૧	એકસેલ સ્પ્રેડશીટ	૧૫ ગુણ
૨	ઈ-મેઇલ કરવા (વીથ ફાઇલ એટેચમેન્ટ)	૧૫ ગુણ
૩	પાવર પોઇન્ટ	૧૫ ગુણ
૪	વર્ડ ટાઇપીંગ/ વર્ડ ફોર્મેટીંગ (અંગ્રેજી તથા ગુજરાતી)	૩૦ ગુણ
	કુલ ગુણ	૭૫ ગુણ

(૨) આ કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ ઓફિસ - ૨૦૦૭ ના વર્ઝન (Version) માં લેવામાં આવશે. કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટમા ગુજરાતી ભાષા માટે ફોન્ટ શ્રુતી અને માઇક્રોસોફ્ટ ઈન્ડીક લેંગ્વેજ ઈનપુટ ટુલ ૩ રહેશે. આ સોફ્ટવેરમાં નીચે મુજબનાં આઠ (૮) કી-બોર્ડ ઉપલબ્ધ છે.

1. Gujarati Transliteration
2. Gujarati Typewriter
3. Gujarati Typewriter (G)
4. Gujarati Inscript
5. Gujarati Indica
6. Remigntan Indica
7. Special Characters.
8. Gujarati Terafont

(૩) વર્ડ, એકસેલ, પાવરપોઇન્ટ અને આઉટલુક (ઈ-મેઈલ) ની પરીક્ષા સોફટવેર દ્વારા ખોલી આપવામાં આવેલ વર્ડ, એકસેલ, પાવરપોઇન્ટ અને આઉટલુક (ઈ-મેઈલ) માં જ આપવાની રહેશે. વર્ડ, એકસેલ, પાવરપોઇન્ટ અને આઉટલુક (ઈ-મેઈલ) પરીક્ષામાં ઉમેદવારે કોઈ ફાઈલ બનાવવાની રહેશે નહી. એ ફાઇલ સોફટવેર દ્વારા ઓટોમેટીક બનશે. જો કોઇ ઉમેદવાર પરીક્ષાના સોફટવેર સિવાય ફાઇલ ઓપન કરી લખશે તો ઉમેદવારનું પરીણામ માન્ય ગણાશે નહી.

(૪) ઉમેદવારને કી બોર્ડ, માઉસ, કોમ્પ્યુટર મંડળ તરફથી ઉપલબ્ધ કરવામાં આવશે. ઉમેદવારને પોતાનું કી બોર્ડ લાવવાની પરવાનગી આપવામાં આવશે નહીં. કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી શરૂ થતાં પહેલા અને પરીક્ષા ખંડમાં પ્રવેશ્યા બાદ આપને ફાળવેલ કોમ્પ્યુટર કી બોર્ડ, માઉસ, કોમ્પ્યુટર બરાબર ચાલે છે તેની ખાત્રી કરી લેવાની રહેશે.

(૫) કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી સમયે કોમ્પ્યુટરમાં કોઇ ટેકનીકલ ખામી જણાય તો ઉમેદવારે અન્ય ઉમેદવારને ખલેલ પહોંચાડયા વગર તેમજ પોતે કોઇ પગલાંઓ લીધા વગર પોતાનું સ્થાન જાળવી રાખીને (ઉભા થયા વગર) વર્ગ નિરીક્ષક (ઇન્વીજીલેટર) ને જાણ કરવાની રહેશે.

(૬) કોમ્પ્યુટર પ્રોફિસયન્સી (કાર્યક્ષમતા) કસોટીનો સમયગાળો ૧-૦૦/ ૧-૧૫ કલાકનો રહેશે. ૧-૦૦/ ૧-૧૫ કલાક બાદ ટાઇપીંગ થવાનું આપોઆપ બંધ થઇ જશે. ૧-૦૦/ ૧-૧૫ કલાક પહેલાં જો ઉમેદવાર **Confirm / Accept** કરીને તેનું ટાઇપીંગ કામ સબમીટ કરી દેશે તો તેના પછી ટાઇપીંગ કામ થઇ શકશે નહીં.

(૭) પ્રશ્નપત્રની હાર્ડકોપીના પ્રશ્ન ક્રમાંક ૧ થી ૪ અંતર્ગત તેના જવાબ માં કરવામાં આવેલ ભૂલો જેવી કે, સ્પેલીંગ / જોડણીની ભૂલ, માર્જિન સેટીંગ, ફોન્ટ સાઇઝ, ટાઇપકામ ની ભૂલ બાબતે માર્કિંગ અંગે ની કપાત, મંડળના નિર્ણય અનુસાર કરવામાં આવશે.

(૮) આખરી પરિણામ, પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત કસોટી તથા બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી એમ બંને કસોટીમાં ઉમેદવારે મેળવેલ સંયુકત ગુણના આધારે તૈયાર કરવામાં આવશે.

કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટમાં ઉત્તીર્ણ થવા માટે લઘુત્તમ લાયકી ગુણ **(Minimum qualifying marks)** નું ધોરણ દરેક કેટેગરી ના ઉમેદવારો માટે ૪૦% (ચાલીસ ટકા) ગુણનું નિયત થયેલ છે.

(૯) કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટનું પરિણામ કોમ્પ્યુટર પ્રોગ્રામીંગ આધારીત હોઇ, તેના રીચેકીંગ અંગેની અરજી ધ્યાને લેવામાં આવશે નહિં.

સ્થળઃ- ગાંધીનગર

તા. ૨૫/૧૦/૨૦૧૯

સચિવ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

ગાંધીનગર